# ભરૂચમાં 4 પાલિકા, 132 બેઠક, 351 ઉમેદવાર

**ચારેય** નગરપાલિકામાં 28 ઉમેદવારે ફોર્મ પાછાં ખેંચી લીધાં, બે બેઠક બિનહરીફ

**અંકલેશ્વરમાં** 3 ઉમેદવારનાં ફોર્મ રદ, હવે 18 મેદાને

**અંકલેશ્વરમાં** જિ.પં.ની 1 બેઠક તેમજ તા.પં.ની 3 બેઠક ઉપર ભાજપ બિનહરીફ

ભરૂચ, અંકલેશ્વરઃ ભરૂચ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બુધવારે ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે ચારેય નગરપાલિકામાં કુલ 28 ઉમેદવારે પોતાનાં ફોર્મ પાછાં ખેંચી લીધાં હતાં. હવે ભરૂચ, અંકલેશ્વર, જંબુસર અને આમોદની કુલ 132 બેઠક પર 351 ઉમેદવાર ચૂંટણી જંગમાં ઝંપલાવશે. ભરૂચ નગરપાલિકામાં બે બેઠક બિનહરીફ જાહેર થઈ છે.

ભરૂચ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ચાલી રહી છે. આ ચૂંટણીમાં મતદારો હજુ નિર્ણાયક બન્યા નથી અને ચૂંટણીનો તાલ જોઈ રહ્યા છે. બુધવારે ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે જિલ્લાની ચારેય પાલિકાઓમાં ફોર્મ ખેંચાયાં હતાં, જેમાં ભરૂચ નગરપાલિકામાં 11 વોર્ડ, 44 બેઠક માટે કુલ 136 ફોર્મ ભરાયાં હતાં, જેમાંથી 11 ફોર્મ રદ થયાં હતાં અને બે ઉમેદવારે નામાંકન પાછું ખેંચી લીધું હતું. પરિણામે 42 બેઠક માટે 123 ઉમેદવાર મેદાનમાં છે. બે બેઠક બિનહરીફ જાહેર થઈ છે.

અંકલેશ્વર નગરપાલિકામાં 9 વોર્ડ, 36 બેઠક માટે કુલ 107 ફોર્મ ભરાયાં હતાં. એક પણ ફોર્મ રદ થયું ન હતું. 7 ઉમેદવારોએ નામાંકન પાછું ખેંચ્યું હતું, તેથી તમામ 36 બેઠક માટે 100 ઉમેદવારો ચૂંટણી લડશે. જંબુસર નગરપાલિકામાં 7 વોર્ડ, 28 બેઠક માટે કુલ 100 ફોર્મ ભરાયાં હતાં, જેમાંથી 13 ફોર્મ રદ થયાં હતાં અને 14 ઉમેદવારોએ નામાંકન પાછું ખેંચ્યું હતું. હવે 28 બેઠક માટે 73 ઉમેદવારો વચ્ચે સ્પર્ધા રહેશે. આમોદ નગરપાલિકામાં 6 વોર્ડ, 24 બેઠક માટે કુલ 75 ફોર્મ ભરાયાં હતાં. 16 ફોર્મ રદ થયાં હતાં અને 5 ઉમેદવારોએ નામાંકન પાછું ખેંચ્યું હતું. હવે 24 બેઠકો માટે 54 ઉમેદવાર ચૂંટણી મેદાનમાં છે. ચારેય પાલિકાની કુલ 132 બેઠક માટે હવે 351 ઉમેદવાર ચૂંટણી જંગમાં ઝંપલાવશે. અંકલેશ્વર જિલ્લા પંચાયતની ગડખોલ બેઠક માટે ભાજપના ઉમેદવાર જયેશભાઈ આહિર સામે આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભાવિકાબેન પટેલ તેમજ કોંગ્રેસના ઉમેદવાર અતુલ પટેલે પોતાની ઉમેદવારી પરત ખેંચતા જયેશભાઈ આહિર બિનહરીફ જાહેર થયા હતા. તે જ રીતે તાલુકા પંચાયતની બેઠકોમાં પણ રાજકીય સમીકરણોમાં ફેરફાર જોવા મળ્યો હતો. દીવા-2 બેઠકના ઉમેદવાર વિવેકકુમાર મધુસુદન ભરડીવાલા, બોરભાઠા-દીવા-3 બેઠક માટે ચેતનાબેન સતિષભાઈ પટેલ તેમજ બોરભાઠા તાલુકા પંચાયત બેઠક માટે અલ્પનાબેન સતિષભાઈ પટેલ બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. જિલ્લા પંચાયતની કુલ 6 બેઠક માટે કુલ 21 ઉમેદવારી ફોર્મ દાખલ થયાં હતાં. તપાસ પ્રક્રિયા દરમિયાન 3 ઉમેદવારનાં ફોર્મ રદ થતાં હાલ 18 ઉમેદવાર ચૂંટણી મેદાનમાં યથાવત રહ્યા છે.

## આમોદ પાલિકામાં કોણ કોની સામે ટકરાશે

| વોર્ડ | ભાજપ | કોંગ્રેસ | આપ |
|---|---|---|---|
| 1 | બાનુબેન ચૌહાણ | સાજીદઅલી રાણા | આસિફ રાજ |
| 1 | ક્રિષ્ણાબેન રાવલ | મરિયમબેન પટેલ | યાસીન દીવાન |
| 1 | બીજલભાઈ ભરવાડ | ઐયુબશા દીવાન | |
| 1 | જસુભાઈ રાઠોડ | મુમતાઝબેન મલેક | |
| 2 | નિર્મલાબેન રાઠોડ | મહેશભાઈ પટેલ | |
| 2 | દક્ષાબેન પટેલ | મહેન્દ્રભાઈ દેસાઈ | |
| 2 | લક્ષ્મણભાઈ રબારી | સબનમબાનુ મલેક | |
| 2 | પરેશકુમાર મહેતા | શકુબેન રાઠોડ | |
| 3 | રેખાબેન વાઘેલા | | અન્ય 5 અપક્ષ |
| 3 | રશ્મીકાબેન પરમાર | | |
| 3 | બાબુભાઈ વસાવા | | |
| 3 | નીર્મલભાઈ પટેલ | | |
| 4 | સુશીલાબેન વસાવા | | અન્ય 4 અપક્ષ |
| 4 | માયાબેન વાઘેલા | | |
| 4 | દિનેશભાઈ પ્રજાપતિ | | |
| 4 | નીલેશકુમાર પટેલ | | |
| 5 | પારૂલબેન રબારી | શકીલમહમદ કાપડિયા | રીયાઝ રાણા |
| 5 | સુનીતાબેન રાવળ | તન્વીરાબાનુ રાણા | |
| 5 | શુકાભાઈ વસાવા | રુકશાના ખલીફા | |
| 5 | વિનોદભાઈ પટેલ | મુકેશભાઈ વસાવા | |
| 6 | હિરલબેન છત્રીવાલા | ઉમેશભાઈ પંડ્યા | યુસુફ પટેલ |
| 6 | જલ્પાબેન વસાવા | રેખાબેન માછી | યાસ્મીન ટેલર |
| 6 | અશ્વિનકુમાર મકવાણા | મોહસીનભાઈ શેઠ | |
| 6 | સચિન ડોસલા | રસીદા પટેલ | |

## ભરૂચ પાલિકામાં આ ઉમેદવાર વચ્ચે જંગ થશે

| વોર્ડ | ભાજપ | કોંગ્રેસ | આપ |
|---|---|---|---|
| 1 | રીમા મૈસુરીયા | સુનીતાબેન રાવળ | શોયેબ કાઝી |
| 1 | તારાબેન વસાવા | ઝુબેર પટેલ | |
| 1 | મિહિરભાઈ વસાવા | રાબીયા પટેલ | |
| 1 | આસિફ સોલંકી | ઇમરાન પટેલ | |
| 2 | નીલમબેન ટેલર | સાબેરા પટેલ | ફિરોજભાઈ દામોદર |
| 2 | મીનાક્ષીબેન જાદવ | સુહાના કુરેશી | કમળાબેન ગોહિલ |
| 2 | સંજયભાઈ વસાવા | સમશાદઅલી સૈયદ | |
| 2 | મહમદરફીક મુલતાની | હેમેન્દ્ર કોઠીવાલા | |
| 3 | રચિતા મોદી | વિનોદચંદ્ર શાહ | નીલેશ પરમાર |
| 3 | વિશ્રુતી દૂધવાલા | કલ્પનાબેન જાદવ | લતાબેન ચૌહાણ |
| 3 | વિજયભાઈ મકવાણા | દિનેશભાઈ સોલંકી | હિરેન શાહ |
| 3 | ભાવિન પટેલ | વાઘેલા કિશોરકુમાર | ધર્મિષ્ઠાબેન કાપડીયા |
| 4 | દક્ષા વસાવા | ચંપાબેન વસાવા | તૃપ્તિબેન ચૌહાણ |
| 4 | જીગ્નીષાબેન પટેલ | જ્યોતિબેન પટેલ | વંદનાબેન વસાવા |
| 4 | હેમેન્દ્ર પ્રજાપતિ | કિરણભાઈ આચાર્ય | સુરેશભાઈ પટેલ |
| 4 | પ્રજ્ઞેશ પટેલ | | ગોપાલભાઈ રાણા |
| 5 | હેમાંગીબેન મિસ્ત્રી | ભાવેશભાઈ નાયક | પંકજકુમાર પરમાર |
| 5 | નીનાબેન યાદવ | ફાલ્ગુનીબેન સોલંકી | |
| 5 | દેવેન્દ્રસિંહ વસાવા | | |
| 5 | અર્પણ જોશી | | |
| 6 | વિભુતિબેન યાદવ | કૈલાસબેન વસાવા | અશ્વિનભાઈ વસાવા |
| 6 | હેમુબેન પટેલ | શંકરસિંહ રાજપૂત | |
| 6 | ભાવેશભાઈ ખારવા | રમેશભાઈ પટેલ | |
| 6 | ધ્યાન દેશમુખ | લક્ષ્મીબેન વાળંદ | |
| 7 | ઉપાસના સોલંકી | રાકેશ શુક્લા | દક્ષાબેન લિમ્બચીયા |
| 7 | સુરભીબેન તમાકુવાલા | ટીશા જાદવ | ધર્મેશકુમાર રાણા |
| 7 | ચેતનકુમાર રાણા | મનિષાબેન રાણા | અઝીતભાઈ મુલતાની |
| 7 | રાકેશ કહાર | હિતેશભાઈ રાણા | જેઠાલાલ સોલંકી |
| 8 | ભાવીશા રાણા | નીતાબેન બારશાકવાલા | નીલેશભાઈ વસાવા |
| 8 | લક્ષ્મીબેન વસાવા | દીનાબેન ખુમાણ | રમીલાબેન સોલંકી |
| 8 | મિહિર સોલંકી | મો સુફિયાન બારડોલીવાલા | |
| 8 | ધનજીભાઈ ગોહિલ | જીગ્નેશ બ્રહ્મભટ્ટ | |
| 9 | રોહીણીબેન સારંગ | મુસ્તાકઅહમદ મલેક | અનિતાબેન સોલંકી |
| 9 | ભારતીબેન વસાવા | અમીષાબેન પરમાર | |
| 9 | ધવલકુમાર મિસ્ત્રી | | |
| 9 | અતુલ મિસ્ત્રી | | |
| 10 | અંકિતા સોલંકી | તસ્લીમાબાનુ મિકેનિક | મોહમદસરફરાઝ શેખ |
| 10 | તસ્લીમ ઘડીયાળી | સાયરાબાનુ શેખ | આશીતા વખારીયા |
| 10 | ભાવિન વસાવા | એજાઝહસન શેખ | |
| 10 | ફઝલ પટેલ | શૈલેશ વસાવા | |
| 11 | કાજોલબેન વસાવા | લક્ષ્મીબેન વસાવા | બીનાબેન દવે |
| 11 | સ્વાતિબેન જાદવ | હુશેનાબાનુ હાફેજી | રાજીવ ભટ્ટ |
| 11 | ગણેશ કાયસ્થ | નીખીલ શાહ | |
| 11 | ચિરાગ ભટ્ટ | જુનેદ મન્સૂરી | |

## તરસાડી પાલિકાની ચૂંટણીમાં 28 પૈકી 15 બેઠક બિનહરીફ જાહેર

**હવે** 13 બેઠક માટે ચૂંટણી જંગ ખેલાશે

હથોડાઃ તરસાડી નગરપાલિકાના સાત વોર્ડની કુલ 28 બેઠક માટે યોજનારી ચૂંટણીમાં ભાજપ અગાઉ કેટલીક બેઠકો પર બિનહરીફ થઈ હતી. પરંતુ બુધવારે વધુ ફોર્મ ખેંચાતાં કુલ 15 બેઠક બિનહરીફ થઈ જતાં હવે માત્ર 13 બેઠક માટે ચૂંટણી જંગ ખેલાશે. કેટલાક ઉમેદવારોનાં કોઈક કારણસર ફોર્મ રદ થયાં, જ્યારે કેટલાક ઉમેદવારોએ કોઈ કારણસર ફોર્મ પરત ખેંચી લેતાં ભાજપના ખોળામાં 15 બેઠક બિનહરીફ થઈ ચૂંટણી પહેલા પાલિકામાં કેસરિયો લહેરાયો હોય તેવો માહોલ જણાય છે. જો કે, 28 બેઠક પૈકી 15 બેઠક બિનહરીફ થયા બાદ હવે 13 બેઠક માટે ચૂંટણી જંગ ખેલાશે.

## ભરૂચ પાલિકા ચૂંટણી, વોર્ડ નં.2માં કોંગ્રેસનો આંતર કલહ સપાટીએ

**શહેર** પ્રમુખ અને પ્રદેશ પ્રમુખ વચ્ચે મેન્ડેટની વહેંચણીમાં વિસંગતતાથી પક્ષમાં બે ફાંટા

ભરૂચઃ ભરૂચ નગરપાલિકાના વોર્ડ નંબર 2માં ચૂંટણી મેન્ડેટને લઈને કોંગ્રેસમાં સર્જાયેલો વિવાદ હાઈવોલ્ટેજ ડ્રામા બાદ હવે શમતો જણાઈ રહ્યો છે. ચૂંટણી વિભાગે ગઈકાલે સમસાદ અલી સૈયદ અને હેમેન્દ્ર કોઠીવાલાના ફોર્મ માન્ય રાખતાં ત્રણ દિવસનાં ટેન્શનનો અંત આવ્યો છે. બાદ પક્ષમાં એકબીજા પર આરોપ-પ્રત્યારોપનો સિલસિલો શરૂ થયો છે. શહેર કોંગ્રેસ પ્રમુખ સલીમ અમદાવાદીએ વોર્ડ નં.2માં વર્ષોથી કોર્પોરેટર રહેલા સમસાદ અલી સૈયદનું નામ કાપી કુતબુદ્દીન પટેલને મેન્ડેટ આપ્યા હતા. સમસાદ અલી સૈયદે પ્રદેશ પાસેથી પોતાના નામનો મેન્ડેટ લાવી ફોર્મ ભર્યું હતું, જેના કારણે વિવાદ થયો હતો. આખરે ચૂંટણી વિભાગે સમસાદ અલી અને હેમેન્દ્ર કોઠીવાલાનાં જ ફોર્મને માન્યતા આપી હતી. વિવાદ વચ્ચે કોંગ્રેસ કાર્યકર કુતબુદ્દીન પટેલે સીધો જ શહેર અને જિલ્લા પ્રમુખ પર સોદાબાજીનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું, "મારી સાથે દગો થયો છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, જિલ્લા પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા સહિત અન્ય નેતાઓએ ગેરરીતિઓ આચરી છે. જિલ્લા પ્રમુખે લઘુમતી સમાજ સાથે ગદ્દારી કરી છે. "સમાજના દોગલા લોકો એસી ઓફિસમાં બેસી રાજકારણ કરે છે." જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રણાએ આરોપોને ફગાવતાં કહ્યું, "ઉમેદવારો અંગે શહેર પ્રમુખ સલીમ અમદાવાદી જ યોગ્ય જવાબ આપી શકે. હું જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકોની કામગીરીમાં વ્યસ્ત હતો. ટિકિટ બદલ પૈસા લેવાનો જે આક્ષેપ કરવામાં આવ્યો છે, તે આવેશમાં કરેલો આક્ષેપ ખોટો છે. આ કોંગ્રેસ પરિવારનો આંતરિક મામલો છે અને અમે સુખદ નિરાકરણ લાવીશું." શહેર પ્રમુખ સલીમ અમદાવાદીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું, "મેં પ્રદેશમાંથી જે મેન્ડેટ મળ્યા હતા, તે જ આપ્યા છે. કુતબુદ્દીન પટેલને વોર્ડ નં.1ની ટિકિટ માટે ચર્ચા થઈ હતી, પરંતુ તેમને વોર્ડ નં.2નો મેન્ડેટ મળ્યો. સમસાદ અલી સૈયદ કે હેમેન્દ્ર કોઠીવાલા સાથે મારી કોઈ અંગત સમસ્યા નથી. તેમનાં નામ પ્રદેશમાંથી જ કાપવામાં આવ્યાં હતાં. તેઓ જે રીતે મેન્ડેટ લાવ્યા છે, તેની તપાસ થવી જોઈએ."

## જંબુસરમાં ભાજપ ક્લીન બોલ્ડ કહાનવા-1ના ઉમેદવારનું ફોર્મ રદ

ભરૂચઃ જંબુસર તાલુકામાં ભાજપને મોટો આંચકો લાગ્યો છે. પાર્ટીનો ગઢ ગણાતી કહાનવા-1 તાલુકા પંચાયતની બેઠક પરથી ભાજપ ચૂંટણી મેદાનમાંથી સંપૂર્ણપણે બહાર ફેંકાઈ ગયો છે. કહાનવા-1 બેઠક પર ભાજપનાં ઉમેદવાર હેતલબેન પઢીયારનું ફોર્મ ચકાસણી દરમિયાન રદ કરવામાં આવ્યું છે. જંબુસરના ટીડીઓ અને ચૂંટણી અધિકારી ધર્મેન્દ્ર પરમારે ફોર્મમાં ટેકનિકલ ખામી અને અધૂરા પુરાવા હોવાના કારણે નામાંકન ફગાવી દીધું હતું. નોંધનીય છે કે, 2021માં આ બેઠક પર ભાજપનું શાસન હતું. ભાજપ માટે મુશ્કેલીઓ ફોર્મ ભરવાના દિવસથી જ શરૂ થઈ હતી. પાર્ટીની જાહેર યાદીમાં પિંકલબેન સોલંકીનું નામ હતું, પરંતુ તેમણે છેલ્લી ઘડીએ ચૂંટણી લડવાની ના પાડી દીધી હતી. ભારે દોડધામ બાદ બાજુના ગામનાં હેતલબેન પઢીયારને ઉમેદવાર બનાવવામાં આવ્યાં હતાં, જેમનું ફોર્મ હવે રદ થયું છે.

આ ઘટનાક્રમ વચ્ચે કોંગ્રેસના ધારાસભ્ય સંજય સોલંકીએ ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે ભાજપ અને અપક્ષ ઉમેદવાર વચ્ચે મિલીભગત હોવાની શંકા વ્યક્ત કરી છે. હવે આ બેઠક પર કોંગ્રેસનાં ધર્મિષ્ઠાબેન ઠાકોર અને અપક્ષ ઉમેદવાર સરોજબેન સોલંકી વચ્ચે સીધો મુકાબલો થશે.

## અંકલેશ્વર પાલિકામાં કોણ કોની સામે ટકરાશે

| વોર્ડ | ભાજપ | કોંગ્રેસ | આપ |
|---|---|---|---|
| 1 | હેતલબેન ગાંધી | -- | જીગ્નેશ સોલંકી |
| 1 | કીંજલબેન ચૌહાણ | -- | પ્રતિક પટેલ |
| 1 | ધર્મેશકુમાર મકવાણા | -- | કેતુબેન રાણા |
| 1 | સંદીપભાઈ પટેલ | -- | નિમિષાબેન રાણા |
| 2 | શિલ્પાબેન સુરતી | આરતી મોરે | નિમિષાબેન વસાવા |
| 2 | વિરલબેન મકવાણા | શબ્બીરહુસેન શેખ | |
| 2 | ભાવેશકુમાર કાયસ્થ | ભાવિકા પરમાર | |
| 2 | વિનયકુમાર વસાવા | અકબરશા ફકીર | |
| 3 | સુનિતાબેન વસાવા | નોરતીબેન વસાવા | |
| 3 | મનિષાબેન પટેલ | કમલેશભાઈ વસાવા | |
| 3 | નરેન્દ્રભાઈ પટેલ | અશરફશાહ શાહ | |
| 3 | અંકિત રાઠોડ | રવિના વસાવા | |
| 4 | મીનાક્ષીબેન ચાવડા | મ.રફીક શેખ | સુરેશભાઈ વસાવા |
| 4 | સુનિતાબેન વસાવા | સુષ્મા સિંઘ | કિંજલબેન શ્રીવાસ્તવ |
| 4 | વિશાલ ચૌહાણ | અલ્પાબેન પરમાર | સોહેલશા દીવાન |
| 4 | મોહ.સાફી,મુસભાઈ શેખ | સંજય બારોટ | |
| 5 | મનિષાબેન વસાવા | વિનયભાઈ પટેલ | હફશાબાનુ ઘંટીવાલા |
| 5 | સુહાના કુરેશી | નફીસાબીબી કુરેશી | જ્યોતિબેન દેસાઈ |
| 5 | જેનિશ મોદી | નગીનભાઈ વસાવા | વિનયભાઈ વસાવા |
| 5 | નવીનભાઈ વસાવા | યાસમીનબાનું શાહ | |
| 6 | જ્યોત્સનાબેન રાણા | ક્રિશ્ના ચૌહાણ | શીલાબેન રાઠોડ |
| 6 | અમીષાબેન પટેલ | ઉમેશ રાઠોડ | |
| 6 | સતીશભાઈ રાઠોડ | દેવેન્દ્ર ચૌહાણ | |
| 6 | ચૈતન્યકુમાર ગોળવાળા | | |
| 7 | દિક્ષિતાબેન રાણા | જયશ્રીબેન રાણા | મો.ફહીમ પઠાણ |
| 7 | સોનલબેન વસાવા | યોગેન્દ્ર સોલંકી | શિવા વસાવા |
| 7 | તરુણકુમાર પટેલ | નયનાબેન વસાવા | મનિષાબેન પરમાર |
| 7 | રાહુલ વામઝા | ફારુક શેખ | સંગીતાબેન રાણા |
| 8 | સવિતાબેન વસાવા | સીતાબેન વસાવા | મનુબેન વસાવા |
| 8 | સઈદાબીબી શેખ | શબાનાબીબી મલેક | અફરોઝ મિરઝા |
| 8 | નરેશ આહીર | જહાંગીરખા પઠાણ | મોહમદ શેખ |
| 8 | અમઝદખાન પઠાણ | બકત્યારખાન પટેલ | દેવાંગભાઈ ચૌહાણ |
| 9 | કિંજલબેન પટેલ | ભૂપેન્દ્રભાઈ જાની | રૂકસાનાબાનુ નકુમ |
| 9 | ટીનાબેન વસાવા | શરીફ કાનુગા | વિક્કીસિંગ અલંક |
| 9 | જિગ્નેશભાઈ અંદાડિયા | હેમુકુમારી પટેલ | |
| 9 | અશોકભાઈ પટેલ | ખુશ્બુકુમારી વસાવા | |

## બાજીપુરા તા.પં., જિ.પં. બેઠકના ઉમેદવારો વિરુદ્ધ ચૂંટણી અધિકારીને ફરિયાદ

**ચૂંટણી** પહેલા જ વાલોડનું રાજકારણ ગરમાયું

વાલોડઃ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે વાલોડ તાલુકાના બાજીપુરા (કમાલછોડ)નું વાતાવરણ ગરમાયું છે. સ્થાનિક મહિલા આગેવાને જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતની તેમની સીટ ઉપર મિલકત દેવા સરકારી લેણાના દાખલામાં તલાટી કમ મંત્રીએ આપેલા દાખલા અને સોગંદનામાનું ફેર ચકાસણી કરી સત્યતા બહાર લાવી ઉમેદવારી રદ બાતલ કરવાની માંગ ચૂંટણી વિકાસ અધિકારી ને કરતાં ચકચાર મચી ગઈ છે.

સ્થાનિક મહિલાએ કરેલ અરજી મુજબ તાપી જિલ્લાના વાલોડના બાજીપુરા (કમાલછોડ) ગામે રૂસ્ટમજી પાર્ક ખાતે રહેતાં કૌશિકાબેન અજીતભાઈ ચૌધરીએ વાલોડ મામલતદારને લેખિત અરજી કરતાં જણાવ્યુ હતું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-2026માં બાજીપુરામાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત બેઠક પર મેહુલ દેવસિંગ ચૌધરી તેમજ સુનીલ રમણભાઈ ચૌધરીએ ચૂંટણી અધિકારીને મિલકત દેવા સરકારી લેણાના દાખલા રજૂ કરવાના હોય છે. પરંતુ તલાટી કમ મંત્રી દ્વારા આપવામાં આવેલા પુરાવાઓ અધૂરા હોય, જે બાબતને ગંભીરતાથી લઈ અધિકારી યોગ્ય તપાસ કરે અને ચૂંટણી પહેલા સરકારી બાકી મિલકત દેવાની રકમ ભરેલી છે કે કેમ તેની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને તેની તપાસ કૌશિકાબેન ચૌધરીની હાજરીમાં કરવામાં આવે અને કસૂરવારો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તેમજ બને વ્યક્તિની ઉમેદવારી રદ કરવામાં આવે તેવી માંગ કરી છે. એટલું જ નહીં બંને ઉમેદવારોએ મિલકત પણ છુપાવી છે. ત્રણ મકાનો હોવા છતાં એક જ મકાન મિલકત દર્શાવી છે. જે અંગે પણ પુરાવા ચકાસવામાં આવે તો આ કાયદેસર છે કે ગેરકાયદેસર તે પણ બહાર આવે તેમ છે. જેથી ચૂંટણી અધિકારી તટસ્થતાથી યોગ્ય તપાસ કરે તો ઘણું ખરું બહાર આવે અને તેમનું ઉમેદવારી રદ કરવા માંગ કરતાં બાજીપુરાનું રાજકારણ ગરમાયું છે.



## ચૂંટણી ટાણે અંકલેશ્વરમાં જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખનું રાજીનામું

**વ્યક્તિગત** કારણ કે પછી આંતરિક અસંતોષ, અટકળો તેજ

અંકલેશ્વરઃ ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ અને અંકલેશ્વરના જૂના દીવા ગામના આગેવાન ઈબ્રાહીમ માંજરાએ પોતાના પદ પરથી રાજીનામું આપતાં રાજકીય વર્તુળોમાં તર્કવિતર્કો શરૂ થયા છે.

મળતી માહિતી મુજબ ઈબ્રાહીમ માંજરાએ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રણાને રાજીનામું પાઠવી દીધું છે. રાજીનામા પાછળ તેમણે પારિવારિક કારણો દર્શાવ્યા હોવાનુ જાણવા મળે છે. જોકે, ચૂંટણીના મહત્ત્વપૂર્ણ સમયમાં લેવાયેલો આ નિર્ણય સ્થાનિક રાજકીય માહોલમાં અનેક ચર્ચાઓને જન્મ આપી રહ્યો છે. રાજકીય વિશ્લેષકોના મતે, આ રાજીનામું માત્ર વ્યક્તિગત કારણોસર છે કે પક્ષની આંતરિક અસંતોષ અથવા નીતિગત મતભેદનું પરિણામ છે તે અંગે સ્પષ્ટતા હજુ સુધી સામે આવી નથી. સ્થાનિક સ્તરે વિવિધ રાજકીય અણસાર અને અટકળો તેજ બની છે. ચૂંટણી પૂર્વે થયેલી આ રાજકીય હલચલ કોંગ્રેસ માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

## ભરૂચ વોર્ડ નં-5માં કોંગ્રેસી ઉમેદવાર પાણીમાં બેઠા

ભરૂચઃ ભરૂચ નગરપાલિકાના વોર્ડ નં.5માં કોંગ્રેસના ઉમેદવાર રાજવીર સુરેશ વસાવાએ પોતાનું નામાંકન પત્ર પરત ખેંચી લેતાં રાજકીય સમીકરણો બદલાઈ ગયાં છે. રાજવીર વસાવાના આ નિર્ણય બાદ ભાજપના ઉમેદવાર દેવેન્દ્ર વસાવા બિનહરીફ જાહેર થયા છે. કોંગ્રેસમાં આંતરિક ગોઠવણો અને સંભવિત અસંતોષને લઈ ચર્ચાઓ ગરમ બની છે.

## માંડવી નગરપાલિકા ચૂંટણીમાં વોર્ડ નં.6માં ભાજપ બિનહરીફ

૪૮ ઉમેદવાર વચ્ચે કાંટાની ટક્કર જામશે

માંડવીઃ માંડવી નગરપાલિકાની આગામી ૨૬મી એપ્રિલે યોજાનારી સામાન્ય ચૂંટણીનો રાજકીય પારો અત્યારથી જ આસમાને પહોંચી ગયો છે. ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થતાં જ ખરાખરીના ખેલની શરૂઆત થઈ ચૂકી છે. નોંધનીય છે કે, કુલ ૨૪ બેઠકમાંથી વોર્ડ નં.૬માં ભાજપે ચૂંટણી પહેલાં જ પોતાનો દબદબો સાબિત કરી દીધો છે. અહીં અન્ય ઉમેદવારોનાં ફોર્મ રદ થતાં ભાજપના ઉમેદવાર ધર્મેશા પટેલને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યાં છે, જેનાથી પક્ષની છાવણીમાં શરૂઆતી ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ભાજપના આ પ્રારંભિક વિજય બાદ હવે બાકી રહેલી ૨૩ બેઠક પર ૪૮ ઉમેદવાર વચ્ચે સીધી અને કાંટાની ટક્કર જોવા મળશે. બીજી તરફ, વોર્ડ નં.૫માં આપના ઉમેદવારે અણધારી રીતે પોતાનું ફોર્મ પરત ખેંચી લેતાં સ્થાનિક રાજકીય સમીકરણોમાં મોટો ઉલટફેર સર્જાયો છે. હાલની પરિસ્થિતિનું આંકલન કરીએ તો માંડવી નગરપાલિકાનો આ સંગ્રામ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો બની રહ્યો હોય તેવા સ્પષ્ટ એંધાણ છે.

## ભરૂચના વોર્ડ નં.4ના કોંગ્રેસી ઉમેદવારે ફોર્મ ખેંચતાં હોબાળો

ભરૂચઃ ભરૂચ નગરપાલિકાની ચૂંટણીમાં રાજનીતિની બદહાલી હવે ચરમસીમાએ પહોંચી છે. બુધવારે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ હોય, ત્યારે વોર્ડ નંબર-4 ના કોંગ્રેસ ઉમેદવાર મનીષ જાદવે પોતાનું ફોર્મ પરત ખેંચતાં રાજકીય માહોલ ગરમાયો હતો.

મનીષ જાદવ ફોર્મ પરત ખેંચવા આવતાં અને કોંગ્રેસના આગેવાનોને અંદર જવા નહીં દેવાતાં કોંગ્રેસ નેતાઓમાં રોષ ફાટી નીકળ્યો હતો અને સરકારી કચેરીમાં જ હોબાળો મચાવ્યો હતો. કચેરી પરિસરમાં કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી સાથે ખેંચતાણનાં દૃશ્યો સર્જાયાં હતાં. જેના વિરોધમાં કોંગ્રેસના આગેવાનો દ્વારા પોલીસ વિરુદ્ધ હાય-હાયના નારા લગાવવામાં આવ્યા હતા. દરમિયાન પોલીસની હાજરી હોવા છતાં ટેકેદારની જગ્યાએ અન્ય અજાણ્યા લોકોને પ્રવેશ આપવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે મામલો વધુ બીચકાયો હતો. આ ઘટનાને પગલે કચેરી પર ભારે તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી. જો કે, આ ભારે વિરોધ અને ઘર્ષણ બાદ કોંગ્રેસ ઉમેદવાર મનીષ જાદવે પોલીસ પ્રોટેક્શન માંગતાં પોલીસ તેમને બાઈક પર બેસાડી તેમના ઘર સુધી સુરક્ષિત મૂકવા ગઈ હતી.

## ભરૂચ જિલ્લા ભાજપના મંત્રી નયના વકીલનું રાજીનામું

અંકલેશ્વરઃ ભરૂચ જિલ્લા ભાજપાના જિલ્લા મંત્રી એડ્વોકેટ નયના વકીલે પોતાના પદેથી રાજીનામું આપી દીધું છે. રાજીનામાના પત્રમાં નયના વકીલે જણાવ્યું છે કે,લગભગ બે મહિના પહેલાં તેમને જિલ્લા મંત્રી પદની જવાબદારી સોંપવામાં આવી હતી. 'એક પરિવાર, એક તક'ના નિયમને કારણે આ પગલું ભરવું પડ્યું છે. નયના વકીલના પતિ એડ્વોકેટ નીતિન વકીલ વોર્ડ નં.1માંથી ઉમેદવારી ઈચ્છતા હતા, પરંતુ પાર્ટીના આ નિયમને કારણે ટિકિટ આપવામાં આવી નથી.

## નિઝરની સરવાળા બેઠક ભાજપની ઝોળીમાં

કુકરમુંડાઃ નિઝર તાલુકા પંચાયતની કુલ 16 બેઠકમાંથી સરવાળા બેઠક બિનહરીફ જાહેર થઈ છે. કોંગ્રેસના ઉમેદવાર સરસ્વતીબેન કાલુસિંગભાઈ રત્નેએ ઉમેદવારી ફોર્મ પરત ખેંચતાં ભાજપના ઉમેદવાર સોનલબેન સંદીપભાઈ પાડવી બિનહરીફ ચુંટાઈ આવ્યા છે. તે સિવાય કોટલી બુદ્રક બેઠક પરથી અપક્ષ ઉમેદવાર મનીષાબેન કોળી, હરદુલી દિગર બેઠક પરથી અપક્ષ ઉમેદવાર મીનાબેન આહીર અને રાયગઢ-1 બેઠક પરથી આપના ઉમેદવાર સંજય નિકવાડેએ પણ પોતાના ઉમેદવારી ફોર્મ પરત ખેંચ્યાં છે. હવે બાકી રહેલી 15 બેઠક પર અનેક પક્ષો વચ્ચે ટક્કર જોવા મળશે.


Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar The Revenge
11:00am, 01:00pm, 03:30pm, 05:15pm, 08:00pm, 09:30pm
Bhooth Bangla
09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

### કોન્ટ્રાક્ટર જોઈએ છે.

નીચેના કામો માટે અનુભવી બાંધકામનાં કોન્ટ્રાક્ટર જોઈએ છે. તો રસ ધરાવનાર ઈસમોએ તાત્કાલિક સંપર્ક કરવા વિનંતી.

| ક્રમ | કામની વિગત |
|---|---|
| ૦૧ | સ્વીમીંગ પુલ બનાવવાનો |
| ૦૨ | મકાન બાંધકામ |
| ૦૩ | RCC કોલમ બીમવાળી દિવાલનું બાંધકામ |

રસ ધરાવનાર ઉમેદવારે નીચેના સરનામે કોન્ટેક્ટ કરવો.
સરનામું
શ્રી ર. ફ. દાબુ કેળવણી મંડળ, ટાવર રોડ, વ્યારા જી. તાપી - ૩૯૪૬૫૦
મો.નં. - ૯૯૯૮૯ ૫૬૧૮૮



